ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૨ ટકા

# ઈન્દ્રોડા પાર્ક સાત મહિના બાદ ૧૫મીથી ખુલશે

## કોરોનાને ધ્યાનમાં લઈ ૧૦ વર્ષથી નીચે, ૬૫ વર્ષથી વધુ વય જૂથ તથા સગર્ભા મહિલાઓ માટે પ્રવેશ નિષેધ





ગાંધીનગર, તા.૧૨

કોરોનાને લઈને શહેરના પાર્ક બંધ કરી દેવામાં આવ્યા હતા. જેને કારણે કોરોનાનું સંક્રમણ અટકાવી શકાયું છે. સરકાર દ્વારા અનલોક-પની ગાઈડલાઈન જાહેર કરાયા બાદ શહેરનું ઈન્દ્રોડા પાર્ક ૧૫ ઓકટોબરથી ખુલ્લુ મુકાશે. ઘણા દિવસો બાદ પાર્ક ખુલવાનો છે ત્યારે તંત્ર દ્વારા જણાવાયું છે કે ૧૦ વર્ષથી નાની ઉંમરના અને ૬૫ વર્ષથી મોટા તથા સગર્ભા મહિલાઓને પ્રવેશ આપવામાં નહિ આવે. આ ઉપરાંત માસ્ક વગર પ્રવેશ નિષેધ છે. કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે ૫૦ જેટલા વ્યકિતઓને જ પ્રવેશ અપાશે જે નોંધનીય છે.

ઘણા દિવસો બાદ સહેલાણીઓ માટે ખુલ્લુ મુકવામાં આવનાર ઈન્દ્રોડા પાર્ક કે જેમાં બાળકો માટે પક્ષીઓ અને પ્રાણીઓ આકર્ષણનું કેન્દ્ર હોય છે ત્યારે અહીં ૩૭ જટેલા મગરો હાલમાં છે તેમ જાણવા મળ્યું છે. પહેલા ૧૦ જ મગર હતા પરંતુ હમણાં કેવડિયાથી બીજા મગરને લાવવામાં આવ્યા છે. જેથી અલગ અલગ જાતિના મગર આકર્ષણનું કેન્દ્ર બની રહેશે ત્યારે આ સિવાય સિંહ, દિપડો અને બોલતા પક્ષીઓ પણ પાર્કનું આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. અહીં સિંહ, દિપડો, પાંચ જાતિના હરણ, સર્પગૃહ, વિવિધ પક્ષી, ડાયનાસોર પાર્ક, ફોસિલ પાર્ક, વનસ્પતિ ઉદ્યાન સહિત અન્ય ઘણું સહેલાણીઓને જોવા મળશે.

ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્કમાં પ્રવેશ ફી અગાઉ જેટલી જ રાખવામાં આવી છે જે મોટાઓ માટે ૩૦ અને નાના માટે ૧૫ રૂપિયા છે. ઉલ્લેખનીય છે કે પ્રવેશદ્વારે સેનીટાઈઝરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.









બે દિવસની રજા બાદ ગાંધીનગર સિવિલમાં ભીડ જોવા મળી હતી. લગભગ દરેક ઓપીડીની આગળ દર્દીઓએ ભીડ જમાવી હતી. જો કે અહીં સોશ્યલ ડિસ્ટન્સીંગનો ભંગ થતો જોવા મળ્યો હતો. જે ખૂબ જ ગંભીર બાબત છે. કોરોનાના દર્દીઓની સતત અવરજવર રહેતી હોય છે તેવી સિવિલ હોસ્પિટલમાં આવી બેદરકારી જરાય ચલાવી લેવાય એવી નથી.

# મોર્નિંગ વોકર્સ-જોગર્સમાં વધારો થતાં શિયાળાની સવાર જેવો સર્જાતો માહોલ

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં જેમ જેમ અધિકમાસ પુર્ણાહૂતિ તરફ આગળ વધી રહ્યો છે તેમ તેમ શિયાળાની ઋતુનો પ્રારંભ થઈ રહ્યો હોય તેવો અહેસાસ નાગરિકોને થઈ રહ્યો છે. શહેરમાં હવે દિવસ ટૂંકો થતાં અંધારું વહેલું થઈ રહ્યું છે અને વહેલી સવારે શહેરના જાહેર માર્ગો મોર્નિંગ વોકર્સ અને જોગર્સથી ઉભરાઈ જવા પામી રહ્યા છે. આ વર્ષે કોરોના મહામારીના કારણે શહેરમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે જેના કારણે પણ મોર્નિંગ વોકર્સ અને જોગર્સની સંખ્યા વધી હોવાનુ જણાઈ રહ્યું છે.

કોરોના વાયરસ સંક્રમણ અટકવાનું નામ નથી લેતું પરંતુ ઓકટોબર માસના પ્રારંભ સાથે તેની તીવ્રતા થોડી મંદ પડી હોય તેવું અનુભવાઈ રહ્યું છે. કોરોના વાયરસ સામે લડવામાં વ્યકિતની રોગ પ્રતિકારક શકિત મજબૂત હોવી જરુરી છે જે માટે વ્યાયામ-પ્રાણાયામ અને મોર્નિંગ વોક ખૂબ જ ઉપયોગી છે તેવું આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા પણ કહે છે. વળી, કોરોના સંક્રમિત દર્દીઓ સાજા થયા પછી કોરોનાને મ્હાત આપવામાં યોગ પ્રાણાયામ ખૂબ મદદરુપ થતાં હોવાનું કબૂલ કરે છે જેના કારણે પણ નાગરિકોમાં વ્યાયામનું મહત્વ વધતું જણાઈ રહ્યું છે. હવે જયારે અધિક પુરૂષોત્તમ માસ તેના સમાપન તરફ છે અને વાતાવરણમાં પણ વહેલી પરોઢથી શિયાળા જેવી ઠંડક છવાઈ રહી છે ત્યારે તેનો લાભ લેવા નગરજનોએ મોર્નિંગ વોક કે જોગીંગ કરવા પર વધુ ધ્યાન આપવાનું શરૂ કરી દીધુ છે. આ સાથે નાગરિકો નાના મોટા જુથ બનાવીને યોગ-પ્રાણાયામ કરવાનું આયોજન પણ કરી રહ્યા છે. આમ તો શહેરમાં જાહેર બગીચા-પાર્ક ખોલવાની હજુ મંજૂરી મળી નથી પરંતુ નાગરિકો સ્વર્ણિમ પાર્કની આસપાસનો વિસ્તાર તથા ફુટપાથો અને અન્ય પાર્ક બગીચાઓની બહારની ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરી રહ્યા છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે સુપર કોમ્પ્યુટર સ્થાપિત થશે

## આઈઆઈટી-ગાંધીનગર, સી-ડેક અને માઈટી વચ્ચે મહત્વપૂર્ણ એમઓયુ કરાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પાલજ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતેથી નોંધપાત્ર સમાચાર પ્રાપ્ત થયા છે. આજે આઈઆઈટી-જીએન તથા સી-ડેક વચ્ચે સુપર કોમ્પ્યુટર સિસ્ટમ ગાંધીનગર કેમ્પસમાં સ્થાપિત કરવા માટે એમઓયુ કરવામાં આવ્યા છે. આ એમઓયુ આઈઆઈટી ગાંધીનગર, સી-ડેક અને કેન્દ્ર સરકારના ‘માઈટી’ વિભાગ વચ્ચે કરવામાં આવ્યા છે.

આઈઆઈટી-ગાંધીનગરના ડાયરેકટર ડૉ. સુધીર જૈન અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુટીંગ (સી-ડેક)ના ડાયરેકટર જનરલ ડૉ. હેમંત દરબારીએ આ એમઓયુ લાઈવ ઓનલાઈન કાર્યક્રમ થકી સાઈન કર્યા હતા. જે દરમિયાન કેન્દ્ર સરકારના શિક્ષણ, સંચાર, ઈલેકટ્રોનિકસ અને આઈટી (માઈટ) વિભાગના રાજયમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આઈઆઈટી ઉપરાંત સી-ડેક દ્વારા દેશની અન્ય ૧૨ શૈક્ષણિક સંસ્થાઓમાં સુપર કોમ્પ્યુટરીંગ સીસ્ટમ સ્થાપવા માટે કરાર કરવામાં આવ્યા છે. આઈઆઈટી ગાંધીનગર ખાતે સી-ડેક દ્વારા ૬૫૦ ટીએફ સુપર કોમ્પ્યુટીંગ સીસ્ટમ ૭૦:૩૦ સીપીયુ એન્ડ જીપીયુ સાથેની સ્થાપિત કરવામાં આવશે. આ પ્રસંગે ડૉ. સુધીર જૈને જણાવ્યું હતું કે આઈઆઈટી ગાંધીનગર અઘરા ક્ષેત્રો જેવા કે કોમ્પ્યુટર્સ, બાયોલોજી, પાણી, કલાઈમેટ, ઉર્જા, મશીન, લર્નિંગ વગેરેમાં યુઝર બેઝ કાર્ય કરી રહ્યું છે. સુપર કોમ્પ્યુટીંગ સીસ્ટમ સ્થાપિત થતાં સંસ્થાના સંશોધન કાર્યને વેગ મળશે જેનો લાભ વિદ્યાર્થીઓ સહિત સમાજને પણ પ્રાપ્ત થશે.





ગાંધીનગર શહેરને નર્મદા નહેરનું પાણી પુરું પાડવામાં આવે છે. પાણી વિતરણ માટે કરોડોનો ખર્ચ કરવામાં આવે છે. આ મહામુલુ પાણી વેડફાય એ જરાય પોસાય એમ નથી. ગ-૨ સર્કલ નજીક પાણીની પાઈપલાઈનમાં થોડાક દિવસોથી લીકેજ સર્જાયું છે. જેના કારણે રોડ પર હજારો લીટર પાણી વેડફાય છે.

## જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનની ઓનલાઈન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

જનસંખ્યા સમાધાન ફાઉન્ડેશનની ઓનલાઈન બેઠક યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય અને સંગઠનના મુખ્ય રક્ષક તરીકે જાહેર થયેલા ઈદરીશકુમારજીએ અનિલજી ચૌધરીના ફેસબુક માધ્યમથી આયોજીત ઓનલાઈન બેઠક દ્વારા દેશભરના ૨૨ જેટલા રાજયોના કાર્યકર્તાઓને સંબોધીત કર્યા હતા અને જણાવ્યું હતું કે બેરોજગારી, ગરીબી, ભૂખમરો અને કુપોષણનું મુખ્ય કારણ અસંખ્ય વધતી જનસંખ્યા છે. આ ઓનલાઈન બેઠકમાં ૨૨ જેટલા રાજયોના હજારો કાર્યકર્તાઓ ઓનલાઈન જોડાયા હતા અને તેમની વાતને સમર્થન આપ્યું હતું.

# સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪ ખાતે ત્રણ મકાનના તાળા તુટ્યા

## ચોર ઈસમો બે મકાનમાંથી કંઈ લઈ ગયા નથી જયારે ત્રીજા મકાનમાંથી ૪ લાખની વધુની ચોરી


ગાંધીનગર, તા.૧૨

શહેરમાં ખ માર્ગ પર આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪ ખાતે એક સાથે ત્રણ ત્રણ મકાના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. જો કે ચોર ઈસમો બે મકાનમાંથી કંઈ લઈ ગયા નથી, પરંતુ બી-૩૦૧ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ચોર ઈસમોએ તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના રૂ. ૪,૦૭,૫૦૦ અને રોકડ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૪,૨૭,૫૦૦ની મત્તાની ચોરી થવા પામી છે. જયારે બીજા બે મકાનમાંથી શું ચોરી થઈ છે તે જાણી શકાયું નથી. એક સાથે ત્રણ મકાનના તાળા તુટતા રહીશોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સ્થિત રેઈન ફોરેસ્ટ-૪ બ્લોક બી મકાન નં.૩૦૧ ખાતે રહેતા નીરૂબેન ભુપતસિંહ ચાવડા છેલ્લા પાંચ વર્ષથી ભાડે રહે છે અને ઘર નજીક દુકાનમાં બ્યુટી પાર્લર ચલાવે છે. મુળ માણસાના અંબોડના નિરૂબેન વતની છે. શનિવારના રોજ સાંજના સુમારે નિરૂબેન પોતાના બે સંતાનો સાથે ઈટાદરા માસીની દિકરીની ખબર-અંતર પુછવા માટે ગયા હતા. ત્યારબાદ તેઓ રવિવારના રોજ મોડીસાંજના સુમારે ઘરે પરત આવ્યા હતા. ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતું, ઘરમાં અંદર જઈને તપાસ કરતા બેડરૂમની તિજોરી ખુલ્લી હાલતમાં હતી અને તિજોરીનો સામાન વેર-વિખેર હાલતમાં પડેલો હતો. ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂ.૨૦ મળી કુલ રૂ.૪,૨૭,૫૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. ચોરીના જાણ થતા સેકટર-૭ પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદથી ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ચોરી થયેલી ચીજવસ્તુઓ

- રૂ. ૧.૭૫ લાખની સોનાની ત્રણ ચેઈન
- રૂ.૭૫ હજારની સોનાની ૬ વીંટી
- રૂ.૭૫ હજારની સોનાની ૪ બુટ્ટી
- રૂ.૫૦ હજારનું સોનાનું ડોકીયું
-સોનાનું પેંડલ, ચાંદીનો કેડ કંદોરા
- ચાંદીની ઝાંઝરી અને ૨૦ હજાર રોકડાનો સમાવેશ થાય છે.





સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪ ખાતે બી બ્લોક સિવાય અન્ય સી બ્લોકમાં ૧૦૪ ખાતે રહેતા મહેશભાઈ નવનિતલાલ શુકલા તેમજ ડી બ્લોક ૪૦૮ ખાતે રહેતા મહેશ જીતેન્દ્ર મહેતાના ઘરનું પણ લોક તુટ્યું હતું. જો કે અન્ય બે મકાનમાંથી કંઈ ચીજવસ્તુની ચોરી થઈ છે તે જાણી શકાયું નથી. જો કે એક સાથે સ્વાગત રેઈન ફોરેસ્ટ ના ત્રણ ત્રણ મકાનના તાળા તુટતા વસાહતીઓમાં ભય ની લાગણી છવાઈ છે.

## ચિરવિદાય

- સ્વ. ક્રિશ્નાબેન ઈશ્વરભાઈ આસવાણી, ઉ.વ. ૫૭, ભાટ, તા. ગાંધીનગર
- સ્વ. આત્મારામ અજાભાઈ પરમાર, ઉ.વ. ૮૪, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. રબારી બાબુભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૪૭, અલુવા, તા.કલોલ
- સ્વ. શાંતાબેન સોમનાથ દરજી, ઉ.વ. ૯૬, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. દિલખુશબેન પ્રવિણભાઈ રજવાણીયા, ઉ.વ. ૬૦, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. ઠાકોર પુંજાજી વિહાજી, ઉ.વ. ૭૫, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. હીરાબેન સાકરલાલ ગજ્જર, ઉ.વ. ૧૦૦, વાવોલ, ગાંધીનગર
- સ્વ. મગનભાઈ નારણભાઈ ઠાકોર, ઉ.વ. ૪૫, સૈલૈયા, તા. માણસા
- સ્વ. ગજ્જર કિશોરભાઈ પોપટલાલ, ઉ.વ. ૬૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. લવારીયા જુગાભાઈ ખેતાભાઈ, ઉ.વ. ૭૦, ઝુલાસણા, તા. કડી
- સ્વ. બાબુભાઈ ગાંડાલાલ સુથાર, ઉ.વ. ૭૦, મહેસાણા, જી. મહેસાણા
- સ્વ. વદ્રેસિંહ માનસિંહ જનવાટ, ઉ.વ. ૭૪, સેકટર-૭, ગાંધીનગર



ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ઘ ઝીરો સર્કલે જ સફાઈનો અભાવ જોવા મળે છે. જયાંથી દરરોજ મહાનુભાવો, વીઆઈપીઓની અવરજવર રહે છે એવા ઘ ઝીરો સર્કલ પાસે ઉભરાતો કચરો પાટનગર માટે કલંકરૂપ છે. સ્વચ્છતા બાબતે દેશમાં અવ્વલ બનવાના સપનાને ઠેર ઠેર ઉભરાતા કચરાના ઢગલાંઓ કયારેય પૂર્ણ નહીં થવા દે...

# કોરોનાથી અવસાન પામેલા સદગતો માટે પ્રાર્થનાસભા યોજાઈ





ગાંધીનગર, તા.૧૨

વિશ્વ વ્યાપી કોરોનાના સંક્રમણ કાળના લોકડાઉન સમય દરમિયાન નિધન પામેલા સે-૩ સ્થિત વસાહતીઓના આત્માની શાંતિ અને સદગતિ અર્થે તા. ૧૧ ઓકટોબરના રોજ સે-૩ વસાહત મંડળ દ્વારા પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે હોદ્દેદારો તથા ભાઈઓએ-બહેનોએ ભેગા મળીને સદગતોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. સંસ્થાના પ્રમુખ વિક્રમભાઈ કે. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ શ્રધ્ધાંજલિ સભામાં ઉપસ્થિત સર્વે દ્વારા સદગતોની આત્માની શાંતિ અર્થે શ્રધ્ધા સુમન મીણબત્તીઓ પ્રગટાવવામાં આવી હતી. આ શ્રધ્ધાજંલિ સભામાં ગાંધીનગર શહેર મહાનગર પાલિકાના વોર્ડનં.૭ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા અને રાકેશભાઈ પટેલ સાથે સે-૩ વસાહત મંડળના તમામ હોદ્દેદારો અને વસાહતીઓ પરિવાર સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.